પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨૪ | ૨૪ ઓક્ટોબર, ૨૦૧૯, ગુરૂવાર; આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોને દિવાળી ભેટ : ઘઉંના ટેકાના ભાવમાં વધારો

### ઘઉંના ટેકાના ભાવમાં ૮૫ રૂપિયાનો વધારો : કઠોળના એમએસપીમાં ક્વિન્ટલદીઠ ૩૨૫ રૂપિયાનો વધારો : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણય : ઘઉંના એમએસપી વધીને હવે ક્વિન્ટલદીઠ ૧૯૨૫ : કઠોળની સમર્થન કિંમતમાં ૩૨૫ રૂપિયા સુધી વધારો



નવીદિલ્હી, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે કેન્દ્રીય કેબિનેટની મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં ઘઉં માટેના લઘુત્તમ સમર્થન મુલ્યમાં ૮૫ રૂપિયાનો વધારો ક્વિન્ટલદીઠ કરવામાં આવ્યો હતો જયારે કઠોળની કિંમતમાં ક્વિન્ટલદીઠ ૩૨૫ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. ઘઉં અને કઠોળના એમએસપીમાં વધારો કરીને સરકારે ખેડૂતોને દિવાળીના પ્રસંગ પર મોટી રાહત આપી દીધી છે. મોદીના નેતૃત્વમાં મળેલી આર્થિક બાબતો અંગેની કેબિનેટ કમિટિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એમએસપી એવા રેટ તરીકે છે જે આધાર પર સરકાર ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરે છે. કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, ખેડૂતોની આવકને વધારવાના હેતુસર કેબિનેટે વર્તમાન નાણાંકીય વર્ષ માટે પાકના એમએસપીમાં વધારો કર્યો છે. રબી (શિયાળાના પાક) માટે એમએસપીમાં વધારો કરવામાં આવ્યો છે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ ઘઉંના એમએસપીમાં ક્વિન્ટલદીઠ ૮૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ના રવિ પાક માટે ઘઉંના એમએસપીમાં ૮૫ રૂપિયાનો વધારો કરાતા કિંમત ક્વિન્ટલદીઠ ૧૯૨૫ રૂપિયા થઈ ગઈ છે. ચાલુ પાક વર્ષ માટે અન્ય પાક માટે પણ કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. આવી જ રીતે રવિ પાક માટે એમએસપી વધારવાનો નિર્ણય કરીને ખેડૂતોને મોટી રાહત આપી દેવામાં આવી છે. કઠોળના ઉત્પાદનને વધારવાના હેતુસર મસુદના સમર્થન મુલ્યમાં ક્વિન્ટલદીઠ ૩૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ કિંમત વધીને ૪૮૦૦ રૂપિયા પ્રતિક્વિન્ટલ થઈ ગઈ છે જે ગયા વર્ષે ૪૪૭૫ રૂપિયા સુધી હતી. આવી જ રીતે ચણા માટે એમએસપીમાં ૨૫૫ રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

## સરહદ પર દાયકાઓથી પરસ્પર મીઠાઈ આપવાની પરંપરા તૂટી

### પાકિસ્તાને ભારતની દિવાળી મિઠાઇ લેવાનો ઇન્કાર કર્યો



File Photo

ન્યુ દિલ્હી,તા.૨૩

સીઝફાયર (યુદ્ધતહકૂબી)ની સમજૂતીનો સતત ભંગ કરીને સરહદી ગામડાં પર તોપમારો કરતા અવળચંડા પાકિસ્તાને દિવાળીની મીઠાઈ લેવાનો ઈનકાર કર્યો હતો. જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ કેન્દ્ર સરકારે પાંચમી ઑગસ્ટે રદ કર્યા બાદ પાકિસ્તાન સતત ફૂંફાડા મારી રહ્યું છે અને અણુયુદ્ધની ખોખલી ધમકી આપતું રહ્યું છે. છેક ૧૯૪૭થી દિવાળી, ઈદ વગેરે તહેવારો પર એકબીજાને મીઠાઈ આપીને મોં મીઠું કરાવવાની એક વણલખી પરંપરા ચાલી આવે છે પરંતુ છેલ્લા થોડા સમયથી પાકિસ્તાન સરહદો પર સતત તોપમારો કરી રહ્યું હોવાથી ગયા રવિવારે ભારતીય લશ્કરે એક મિનિ સર્જીકલ સ્ટ્રાઈક કરીને જડબાતોડ જવાબ આપ્યો હતો. ત્યારબાદ સરહદો પર મીઠાઈની વહેંચણી થતાં પાકિસ્તાને મીઠાઈ લેવાની ના પાડી હતી. ઈસ્લામાબાદ ખાતેના ભારતીય રાજદૂતે પ્રોટોકોલ પ્રમાણે મીઠાઈ મોકલી હતી પરંતુ પાકિસ્તાની સરકારી પ્રવક્તાએ મીઠાઈ લેવાનો ઈનકાર કર્યો હતો. પાકિસ્તાનની બદનામ ગુપ્તચર સંસ્થાક ISIએ પહેલાં મીઠાઈ લીધી હતી પરંતુ પાછળથી પાછી મોકલી આપી હતી.

# મહારાષ્ટ્ર અને હરિયાણામાં આજે મતગણતરી

### રાજકીય પક્ષો, શેરબજાર, કોર્પોરેટ જગતની પરિણામ પર નજર : બધા રાજકીય પક્ષ ખુબ જ આશાવાદી

નવી દિલ્હી તા. ૨૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે ગુરૂવારના દિવસે જાહેર કરવામાં આવનાર છે. પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા જ ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષો સારા દેખાવ માટેના દાવા કરી રહ્યા છે. પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા રાજકીય પક્ષોની સાથે સાથે બંને રાજ્યોના લોકો અને કારોબારીઓની પણ ઉત્સુકતા વધી ગઈ છે. ચૂંટણી પરિણામની સીધી અસર શેરબજારમાં પણ જોવા મળનાર છે. બંને રાજ્યોમાં હાલમાં ભાજપની સરકાર રહેલી છે. છેલ્લા પાંચ વર્ષમાં ભાજપ સરકાર રહ્યા બાદ ભારતીય જનતા પાર્ટી ફરી સત્તામાં વાપસી કરી શકશે કે કેમ તેને લઈને ચર્ચા છે. જો કે એક્ઝિટ પોલના તારણ મુજબ તો ભારતીય જનતા પાર્ટીની સ્થિતી સારી બનેલી છે. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ જ વાસ્તવિક સ્થિતીને જાણી શકાશે. આગામી પાંચ વર્ષ બંને રાજ્યોમાં કોની સરકાર રહેશે તે ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થઈ જશે. બંને રાજ્યોમાં અપેક્ષા કરતા ઓછુ મતદાન ૨૧મી ઓક્ટોબરના દિવસે થયુ હતુ. જેથી ભારતીય જનતા પાર્ટીની ચિંતા ચોક્કસપણે વધી છે. બંને સરકાર સાથે શાસન વિરોધી પરિબળ છે કે કેમ તેની માહિતી પણ આવતીકાલે જ મળી જશે. બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ ૨૧મી ઓક્ટોબરના દિવસે એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા જે મુજબ બંને રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને સત્તામાં વાપસી કરવાના સંકેત આપવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીની ગેરકાયદે કોલોનીને કાયદેસર કરવા માટે નિર્ણય

### ૪૦ લાખથી વધુ લોકોને સીધો ફાયદો થશે : કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય કરાયો : લાખો લોકોને માલિકીના અધિકાર આપવા માટેની જાહેરાત

નવીદિલ્હી, તા. ૨૩

કેન્દ્ર સરકારે દિલ્હીની વિધાનસભાની ચૂંટણી પહેલા મોટા નિર્ણયો કર્યા છે જેના ભાગરુપે દિલ્હીની ગેરકાયદે કોલોનીઓને નિયમિત કરવાના પ્રસ્તાવને લીલીઝંડી આપી દીધી છે. આના પરિણામ સ્વરુપે ગેરકાયદે કોલોનીમાં રહેતા ૪૦ લાખ લોકોને માલિકીના અધિકાર મળી જશે. આ કોલોનીઓમાં રહેતા લોકો લાંબા સમયથી આની માંગ કરી રહ્યા હતા. કેન્દ્ર સરકારના આ નિર્ણયને દિલ્હીમાં ચૂંટણીની સાથે જોડીને પણ જોવામાં આવે છે. શહેરી વિકાસમંત્રી હરદીપ પુરીએ કહ્યું હતું કે, ઝુંપડપટ્ટીમાં લોકો જ્યાં પણ રહે છે ત્યાં ખાનગી હોય કે સરકારી તેના માલિકી હક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૯૪૭માં દિલ્હીની વસતી આઠ લાખની હતી. જેને ધ્યાનમાં લઈને કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. પ્રકાશ જાવડેકરે પણ આ સંદર્ભમાં માહિતી આપી હતી. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી આગામી વર્ષની શરૂઆતમાં યોજાનાર છે. દિલ્હી સરકાર તરફથી આ નિર્ણયના સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી નથી. ૧૯૪૭માં દિલ્હીની વસતી

● અનુસંધાન પાન-૭ પર

## મની લોન્ડરિંગ કેસમાં ડીકે શિવકુમારને જામીન

### તિહાર જેલમાંથી ૨૫મી ઓક્ટોબર બાદ મુક્તિ : ૨૫ લાખ રૂપિયાની બાંહેધરી અપાયા બાદ જામીન મળ્યા

નવીદિલ્હી, તા. ૨૩

કોંગ્રેસના સંકટ મોચક ગણાતા દિગ્ગજ નેતા ડીકે શિવકુમારને



મની લોન્ડરિંગના મામલામાં દિલ્હી હાઈકોર્ટમાંથી જામીન મળી ગયા છે તેમને ૨૫મી ઓક્ટોબર સુધી કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા હતા. કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ પુરી થઈ ગયા બાદ તિહાર જેલમાંથી બહાર આવવાની મંજુરી આપી દીધી છે. કોર્ટે ૨૫ લાખ રૂપિયાની બાંહેધરી પર તેમને જામીન આપવાનો આદેશ કર્યો છે. આ પહેલા ટ્રાયલ કોર્ટે ડીકે શિવકુમારની જામીન અરજીને ફગાવી દીધી હતી. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ ડીકે શિવકુમારને મળવા માટે સોનિયા ગાંધી તિહાર જેલમાં પહોંચ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી. ડીકે શિવકુમાર હવાલા મારફતે લેવડદેવડ અને ટેક્સ ચોરીના મામલામાં જેલ ભેગા થયા હતા. ઈડી દ્વારા ત્રીજી સપ્ટેમ્બરના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી હતી. કર્ણાટક કોંગ્રેસના દિગ્ગજ નેતા ડીકે શિવકુમારે જ કોંગ્રેસ

# BSNL-MTNLના મર્જરની વિધિવત જાહેરાત

### નુકસાનને દૂર કરવા ૧૫૦૦૦ કરોડના બોન્ડ : કર્મચારીઓ માટે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના રહેશે : પ્રસાદ

નવીદિલ્હી, તા. ૨૩

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે બીએસએનએલ અને એમટીએનએલને લઈને ચાલી રહેલી શંકાઓને દૂર કરીને સરકારે બંને કંપનીઓના મર્જરની જાહેરાત કરી હતી. મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આને લઈને લીલીઝંડી આપવામાં આવી હતી. આ ઉપરાંત કર્મચારીઓ માટે વીઆરએસ સ્કીમની પણ જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટની બેઠક બાદ દૂરસંચાર પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સરકાર બીએસએનએલ અને એમટીએનએલને બંધ કરવા જઈ રહી નથી. સાથે સાથે ડિસઈન્વેસ્ટમેન્ટમાં પણ રસ ધરાવતી નથી. નુકસાનમાં ચાલી રહેલા બંનેને પાટા ઉપર લાવવા ૧૫૦૦૦ કરોડ રૂપિયાના સરકારી બોન્ડ જારી કરવામાં આવશે. ૩૮૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિને લઈને પણ હિલચાલ ચાલી રહી છે.

## લંડન નજીક ૩૯ મૃતદેહથી ભરેલ ટ્રક મળી : ઘટના સંદર્ભે એકની ધરપકડ

લંડન, તા. ૨૩

દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડમાં એ વખતે હાહાકાર મચી ગયો હતો જ્યારે એક ટ્રકમાંથી ૩૯ મૃતદેહ મળી આવ્યા હતા. એમ માનવામાં આવે છે કે, આ ટ્રક બલ્ગારિયાથી પહોંચ્યો હતો. એસેક્સ પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, લંડનની નજીક ગ્રેજના એક ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ટ્રક જપ્ત કરવામાં આવી હતી. આ ટ્રકમાં ૩૮ મૃતદેહ મળી આવ્યા હતા. પૂર્વીય આયર્લેન્ડને આ સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે. અહીંથી એક ૨૫ વર્ષીય યુવકની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના હોવાનું જાણવા મળી રહ્યું છે. આ તમામ લોકો સાથે હકીકતમાં શું બન્યું હતું તે અંગેની માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે.













